नमोत्थु णं समणस्स भगवओ महावीरस्स ।।

# श्रुतसंविभाग – ४

November, 2016 श्रुतपंचमी, २०७३

## श्रुतसंविभाग : એક નાનકડા સરોવરની કૃતિ

એક સરસ સુભાષિત છે :

याते मय्यचिरान्निदाघमिहिरज्वालाशतैः शुष्कतां, गन्ता कं प्रति पान्थसन्ततिरसौ सन्तापमालाकुला ।
एवं यस्य निरन्तराधिपटलैर्नित्यं वपुः क्षीयते, धन्यं जीवनमस्य मार्गसरसो धिग् वारिधीनां जनिः ।।

પ્રવાસના માર્ગ પર રહેલું એક નાનકડું સરોવર, ફાગણ-ચૈત્રના દિવસોમાં વિચારોના વમળોમાં અટવાયું હતું. તેને થાય છે કે "થોડા જ દિવસોમાં ઉનાળો જામશે; ધોમ તડકા પડશે. તાપમાં મારાં પાણી સૂકાશે. કેટલાય મુસાફરો આ માર્ગે પસાર થાય છે, તે મારાં પાણી વડે પોતાના થાક અને તરસ બૂઝાવે છે. પાણી સૂકાયા પછી એ મુસાફરો ક્યાં જશે ? એમનું શું થશે ?" – આવી ચિંતાને કારણે એ સરોવરની કાયા દિન-પ્રતિદિન શુષ્ક અને ક્ષીણ થતી જાય છે; એને ચેન નથી બાપડાને.

કવિ કહે છે કે માર્ગ પર બેઠેલા, મીઠા પાણીના, આ નાનકડા એવા સરોવરનું જીવન (જીવન : જિંદગી, જીવન : જળ ) કેટલું ધન્ય છે ! એનું આખું 'જીવન' પરોપકારમાં જ વીતે છે અને પરમાર્થની ચિંતામાં જ એ સૂકાય પણ છે !

પેલા મહાસાગરને ધિક્કાર હો ! એના 'જીવન'માં તો ધૂળ પડી ! ના કોઇની પ્યાસ બૂઝાવે, ન કોઇની ચિંતા કરે ! અને જ્યારે જુઓ ત્યારે છલોછલ ! રે ! એવા જીવનનો શો મતલબ, જે પર-ઉપકાર કાજે કામ ન આવે !

**श्रुतसंविभाग** એ આવા એક નાનકડા સરોવરની કૃતિ છે. છલોછલ ઉભરાતા અફાટ સાગર સામે આવડાઅમથા સરોવરની કશી જ વિસાત કે કિંમત ન હોય તો તે સમજી શકાય છે. પરંતુ સાગર જેવો સાગર જે કામ નથી કરી શકતો – કોઇની તૃષા બૂઝાવવાનું, તે કામ આ નાનકડું તળાવડું અવશ્ય કરી શકે છે, તેનો ઇન્કાર કોઇથી થઇ શકે નહિ. **श्रुतसंविभाग** સાથે સંકળાયેલા સહુને આ બાબતે આનંદ છે, અને ગૌરવ પણ.

આ પ્રવૃત્તિ વિશે થોડીક વાતો કરવી જોઇએ :

૧. પાલિતાણાના મુનિસંમેલન દરમિયાન નાના સાધુઓ પણ પોતાનું મિલન ગોઠવતા રહેલા. તે મિલન દરમિયાન તેમને સ્ફુરેલી અને તેમણે જ ગોઠવેલી કે કરવા ધારેલી શ્રુતપ્રવૃત્તિ જ **श्रुतसंविभाग** રૂપે કાર્યાન્વિત થઇ છે. કોઇનું અંધ અનુકરણ કે કોઇ સાથે હરીફાઇ માટે આ પ્રવૃત્તિ હરગીઝ નથી. છતાં કોઇને તેવું લાગતું હોય કે માનવાની ઇચ્છા હોય તો તેમાં કશો વાંધો નથી. એ તેઓની સમસ્યા છે.

૨. કેટલાક મિત્રોની ઇચ્છા છે કે એમને પણ આમાં સાંકળવામાં આવે. મારી સમજ મુજબ, બધા મુનિવરોએ મળીને આ પ્રવૃત્તિ કરવાનું નક્કી કર્યું ત્યારે જ એક મર્યાદા બાંધી હતી કે 'આપણા આટલા ચોક્કસ સમુદાયો પૂરતી જ આ પ્રવૃત્તિ રાખીશું'. તેઓની આ મર્યાદાને મેં સમર્થન આપેલું. એટલા માટે કે કેટલાક સમુદાયો કે વ્યક્તિઓ દરેક બાબતમાં શાસ્ત્રાર્થ, વિવાદ વગેરે કરવા માટે જાણીતા છે. તેમને માફક ના આવે તેવી કોઇ પણ વાતને તેઓ શાસ્ત્ર-વિવાદમાં ઘસડી જ જવાના. જ્યારે આ પ્રવૃત્તિ મુનિઓના જ્ઞાનની વૃદ્ધિ, ક્ષયોપશમનો વિકાસ તથા અભ્યાસ માટેની જ છે, વિવાદો કરવા કે વધારવા માટેની નહિ. તેથી તે મિત્રોને આમાં સાંકળી ન શકાય તો તેઓ દરગુજર કરે.

૩. પદાર્થ-ચિંતન બધો વખત સહેલું જ નથી હોતું. ક્વચિત્ અઘરૂં પણ લાગવાનું. આપણા સાધુઓ હવે બાલભોગ્ય કથા-કાવ્યોથી તથા લોકભોગ્ય વાતોથી બહાર-ઉપર ઊઠે અને શાસ્ત્રગત પદાર્થો વિષે ગહન ચિંતન કરતાં થાય તથા તે વિષે પ્રશ્નો ઉઠાવી તેનાં સમાધાન શોધવાની મથામણ કરતાં થાય, તે બહુ જરૂરી છે. આજના નાના મુનિ કાલે વડીલ/આચાર્ય વગેરે બનશે. તે પહેલાં તેમની પાસે વિશદ બોધ અને વ્યાપક ચિંતન હોવું આવશ્યક લાગે છે.

૪. **श्रुतसंविभाग** સાથે સંકળાયેલા મુનિવરોએ આને અધ્યયન, ચિંતન અને આદાન-પ્રદાનનું જ માધ્યમ સમજવું જોઇએ; વિવાદ કે આગ્રહનું નહિ. એક વ્યક્તિએ એક મુદ્દો ઉપસ્થિત કર્યો, તેનું સમાધાન અને તે વિષે વિશ્લેષણ, દરેકને પોતાના

ક્ષયોપશમ મુજબ સ્ફુરી શકે. એવે વખતે 'તમે મારી વાત કાપો છો' – એવો ભાવ ન થવો જોઈએ. જ્યાં ખોટું હોય ત્યાં સ્વીકાર, ન સ્પષ્ટ થતું હોય ત્યાં વધુ મથામણ, અને જ્યાં યથાર્થ હોય ત્યાં આગ્રહરહિત દૃઢતા - આ વલણ એકબાજુ આપણામાં જ્ઞાન/જિજ્ઞાસાની વૃદ્ધિ કરશે, તો સાથે સાથે આપણા સ્વભાવમાં/વલણમાં ઉદારતા અને અનાગ્રહ જેવા સદ્ગુણો પણ પ્રેરશે.

**- વિજયશીલચન્દ્રસૂરિ**

* * *

## सम्यक्त्वप्रदाने विधिः

अधुना वयं श्री*हरिभद्रसूरि*-विरचितं *पञ्चाशक*-प्रकरणं पठामः । तत्र "विहिसाहणमोहेणं" (२.२४) इतिगाथाया वृत्तौ सम्यक्त्वदीक्षा श्रावकाय कथं देया ? इत्यत्र योग्यतापरीक्षायै समवसरणे पुष्पपातः करणीय इत्यादिकमुक्तमस्ति । तथाहि –

"अथवा तवाऽञ्जलौ पुष्पाणि दास्यन्ते, अक्षिस्थगनं च वस्त्रेण करिष्यते, तानि च पुष्पाणि त्वयाऽक्षुभितेन समवसरणमध्यस्थापित-जिनाभिमुखानि क्षेप्तव्यानि, आत्मा च ससुतधनादिर्गुरवे निवेदनीय इति विधिः ओघेन-सामान्येन, विशेषतस्तु दीक्षादानावसरात् पूर्वमेव तद्विषयविधेराख्यातत्वात्... गुरुणा चाऽधिकृतपुष्पपातलक्षण-निमित्तानुसारेण यथासम्प्रदायं शुभादितरस्माद् वा भवादागतोऽयं तथा दीक्षाराधन-विराधनाभ्यां शुभेतरा वा गतिरस्य भविष्यतीति दीक्षादानार्थं तत्परिहारार्थं च परिज्ञानं विधेयम्... इह च समवसरणमध्ये पुष्पपाताद् दीक्षाराधनाजनिता सुगतिः तद्बहिःपाताच्च तद्विराधनाजनिता कुगतिरस्येतावन्मात्रमतो ग्रन्थादवसीयते । शेषं तु ग्रन्थान्तराद् विशिष्टसम्प्रदायाद् वाऽवसेयमिति गाथार्थः ।।"

अधुनैष विधिः कुत्राऽप्यनुवर्तमानः स्यादिति दृष्टं नाऽस्ति । कुत्रचित् समुदाये श्रावकस्य गुरवे ससुतधनाद्यात्मनो निवेदनरूपो विधिः प्रवर्तते इति श्रुतमस्ति । स किमनेन समर्थयितुं शक्यते ?

- **मुनिः श्रीमुक्तितिलकविजयः** (श्रीकलापूर्णसूरि-समुदायः)

[અત્રે જે સામાચારીનું વર્ણન છે તે સામાચારીનું આચરણ ઘણા સૈકાઓથી આપણે ત્યાં પ્રવર્તમાન નથી. જગદ્ગુરુ અને અન્ય ગુરુભગવંતોની નિશ્રામાં થયેલા દીક્ષામહોત્સવોનું વર્ણન ઘણી જગ્યાએ મળે છે. સમ્યક્ત્વ-વ્રતોચ્ચારણ અને દીક્ષા-પ્રદાનવિધિનાં છૂટાં પાનાં પણ ઘણાં ઉપલબ્ધ છે. પણ એમાં ક્યાંય આવી વિધિનું નિરૂપણ લગભગ જોવા મળતું નથી. આપણા વડીલોની નિશ્રામાં થયેલા વ્રતોચ્ચારણ-દીક્ષામહોત્સવોમાં પણ આવી પ્રવૃત્તિ થઈ હોવાનું જાણમાં નથી. તો આ પ્રવૃત્તિ ફરીથી પ્રવર્તમાન કરવાનું જરૂરી ગણાય ખરું ?

જ્યાં શ્રાવક દ્વારા ધનાદિસહિત આત્મસમર્પણની પ્રવૃત્તિ ચાલે છે ત્યાં પણ પુષ્પોત્ક્ષેપ વગેરે સંપૂર્ણ મૂળ વિધિ નથી જ થતી. આના પરથી જ સમજાય છે કે એ પ્રવૃત્તિ કરાવનારા મહાત્માઓને પણ પ્રાચીન વિધિનું પુનઃપ્રવર્તન અભિપ્રેત નથી જ. એટલે આજે આ પ્રવૃત્તિ ક્યાંક ચાલુ થઈ હોય તો તે લોકૈષણા, માનૈષણાના આશયથી થઈ હોય એમ માની શકાય. તેથી આવા શાસ્ત્રપાઠોના આધારે એવી પ્રવૃત્તિને સમર્થન આપી શકાય નહિ.

*

શ્રમણભગવંતોની અનુકૂળતા ખાતર **શ્રુતસંવિભાગ** માં ગુજરાતી ભાષાને મુખ્ય રાખી છે. પણ આ પરિપત્રમાં સંસ્કૃતમાં પણ લખી શકાય એવી વિચારણા અમુક શ્રમણભગવંતોની હતી, અને તે બરાબર લાગવાથી તે વાતને બધાએ વધાવી પણ હતી. એટલે જે ચર્ચાઓ સંસ્કૃત-પ્રાકૃતમાં થશે તેને તે તે ભાષામાં જ પ્રકાશિત કરવામાં આવશે. – **સં.** ]

* * *

## ચક્રવર્તીના મણિરત્નની વિશેષતાઓ

પ્રાયઃ ચક્રવર્તીના મણિરત્ન અંગે આપણને આટલી વિશેષતાઓનો ખ્યાલ હોય છે – ૧. છત્ર અને ચર્મરત્નના મધ્યભાગમાં મૂકેલું મણિરત્ન ૧૨ યોજનમાં પથરાયેલા ચક્રીના સૈન્યમાં સર્વત્ર પ્રકાશ ફેલાવે છે. ૨. તમિસ્રા અને ખંડપ્રપાતા મહાગુફામાં પ્રવેશતાં, હસ્તિરત્નના મસ્તકે બાંધેલું મણિરત્ન એ ગુફામાં પણ ૧૨ યોજનના વિસ્તારમાં પ્રકાશ પાથરે છે. પણ

*શ્રીનેમિચંદ્રસૂરિજી* કૃત *પ્રવચનસારોદ્ધાર* ગ્રંથની *શ્રીસિદ્ધસેનસૂરિજી* રચિત વૃત્તિમાં આ મણિરત્ન અંગે કેટલીક નવી વિશેષતાઓ જાણવા મળી –

"मणिरत्नं यस्य च हस्ते शिरसि वा बध्यते तस्य दिव्य-तिर्यग्-मनुष्यकृतसमस्तोपद्रव-समस्तरोगापहारं करोति । एतच्च मूर्ध्न्यन्यत्र वाऽङ्गे व्यवस्थाप्य सङ्ग्रामे प्रविष्टः सन् शस्त्रैरवध्यो भवति सर्वभयविमुक्तश्चोपजायते । अन्यच्च तस्मिन् मणिरत्ने सदा मणिबन्धादौ व्यवस्थितेऽवस्थितयौवनोऽवस्थितकेशनखश्चोपजायते पुमान् ।।" (ગાથા – ૨૧૨ વૃત્તિ)

અર્થાત્ મણિરત્ન જેના હાથે અથવા માથે બાંધવામાં આવે તેને દેવો, મનુષ્યો અને તિર્યંચો તરફથી કોઈ ઉપદ્રવ થતો નથી, એના સમસ્ત રોગો નાશ પામે છે, યુદ્ધમાં એને કોઈ શસ્ત્રનો પ્રહાર લાગતો નથી, એ સર્વ ભયોથી મુક્ત થાય છે. અને આ મણિરત્ન જો કાયમ કાંડા પર બાંધી રાખવામાં આવે તો યૌવન કાયમ માટે ટકી રહે છે અને વાળ, નખ વગેરે વધતાં નથી.

આ માટે અન્ય સંદર્ભો તપાસતાં *સંગ્રહણીરત્નમ્, ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત* (પર્વ-૧, સર્ગ-૪), તેમ જ *લોકપ્રકાશ* (સર્ગ-૩૧) માં પણ તે પ્રમાણે જ વર્ણન જોવા મળ્યું. **– મુનિ શ્રીરાજદર્શનવિજયજી** (ડહેલાવાળા-સમુદાય)

* * *

# પ્રથમ અચ્છેરા વિશે એક નવી જ વાત

*શ્રીશીલાંકાચાર્ય*-રચિત *ચઉપ્પન્નમહાપુરિસચરિયં* (સં.- *પં. અમૃતલાલ મોહનલાલ ભોજક*, પ્ર.- *પ્રાકૃત ગ્રંથ પરિષદ્)* માં નીચે મુજબ એક પ્રસંગ વાંચવા મળ્યો –

"अह सो वि गोसालो बालतवसमावज्जियं तेयमुव्वहंतो जत्थ जत्थ भयवं अहाविहारेण संचरइ तत्थ तत्थ 'अहं चेय सव्वण्णु' त्ति अत्ताणयं पसंसन्तो परिब्भमइ । अण्णया य एक्कस्सिं समवसरणणिसण्णस्स भयवओ समागओ, पुच्छं च काउमाढत्तो । तओ सुर-णरसणाहपरिसासमक्खं विहलणाणाहिमाणी कओ । अण्णया य भिक्खुसव्वाणुभूईहिं समं विवाओ संजाओ । तओ विवायवसुप्पण्णकोवाइसएण य पक्खित्ता ताणोवरिं तेउलेसा, तेहिं पि तस्स सतेउलेस त्ति । ताणं च परोप्परं तेउलेसाणं संपलग्गं जुज्झं । एत्थावसरम्मि य भगवया तस्सुवसमणणिमित्तं पेसिया सीयलेसा । तओ सीयलेसापहावमसहमाणा विवलाया तेउलेसा, मंदसाहियकिच्च व्व पयत्ता अहिद्दविउं गोसालयं । णवरमसहमाणो तेयजलणप्पहावं समल्लीणो जयगुरुं । जयगुरुचलणप्पहावपणट्ठोवसग्गपसरो य संबुद्धो पयत्तो चिंतिउं – हा! दुट्ठु मे कयं जं भगवया सह समसीसिमारुहंतेणं अच्चासायणा कया । एवं च पइदिणं णिंदणाइयं कुणमाणो कालमासे कयपाणपरिच्चाओ समुप्पण्णो अच्चुए देवलोए त्ति ।।"

આપણે ત્યાં સામાન્ય રીતે પ્રચલિત માન્યતા એવી છે કે કેવલજ્ઞાન પછી લબ્ધિનો ઉપયોગ થતો નથી. પણ અત્રે પ્રભુએ કેવલજ્ઞાનની પ્રાપ્તિ પછી સમવસરણમાં ગોશાલક અને સર્વાનુભૂતિ મુનિની તેજોલેશ્યાના નિવારણ માટે શીતલેશ્યાનો પ્રયોગ કર્યો છે એવી પ્રરૂપણા છે, જે વાત પ્રચલિત માન્યતા કરતાં જુદી પડે છે. આ ઉપરાંત *ભુવણસુંદરીચરિયં* (ક.- *શ્રીવિજય-સિંહસૂરિજી*, સં.- *શ્રીવિજયશીલચંદ્રસૂરિજી*, પ્ર.- *પ્રાકૃત ગ્રંથ પરિષદ્* ) માં પણ ગાથા – ૬૪૬૮-૬૪૮૩ માં કેવલજ્ઞાની મુનિ-ભગવંત દ્વારા આકાશગામિની લબ્ધિનો ઉપયોગ અને તે દ્વારા તેમનું અન્યત્ર ગમન થવાની હકીકત આવે છે. આ એક વિચારણીય બાબત જણાય છે, કેમ કે આપણે સામાન્ય રીતે લબ્ધિના ઉપયોગને પ્રમાદ તરીકે ગણાવીએ છીએ અને અપ્રમત્ત અવસ્થામાં લબ્ધિનો ઉપયોગ ન હોય એમ સ્વીકારીએ છીએ.

વળી, *ચઉપ્પન્નમહાપુરિસચરિયં* માં પ્રભુને લોહીના ઝાડા, તે માટે સિંહ મુનિને રેવતી શ્રાવિકા દ્વારા ઔષધિપ્રદાન અને તે વખતે ભાવોલ્લાસની વૃદ્ધિએ તીર્થંકરનામકર્મનો બંધ વગેરે પ્રચલિત બાબતોનો પણ નિર્દેશ નથી મળતો.

**– મુનિ શ્રીજ્ઞાનરુચિવિજયજી** (શ્રીૐકારસૂરિજી-સમુદાય)

[આ સિવાય પણ આમાં ઘણીબધી હકીકત પ્રચલિત કથાનક કરતાં જુદી પડે છે - ૧. ગોશાલક કાયમ પ્રભુની આસપાસ જ વિહરે છે; તે સ્વયં સમવસરણમાં આવે છે. ૨. ગોશાલક દ્વારા સર્વાનુભૂતિ મુનિ પર તેજોલેશ્યા મૂકવાની ઘટના અન્યદા ક્યારેક બની છે. ૩. જેમ ગોશાલકે મુનિ પર તેજોલેશ્યાનો પ્રયોગ કર્યો છે, તેમ મુનિએ પણ પોતાની તેજોલેશ્યા તેમના પર મૂકી

છે. ૪. શીતલેશ્યાથી હણાયેલી ગોશાલકની તેજોલેશ્યાએ તેમને જ ઉપદ્રવ કર્યો, પરંતુ સર્વાનુભૂતિ મુનિની તેજોલેશ્યાનું શું થયું તે અત્રે જણાવ્યું નથી. ૫. તેજોલેશ્યાની ગરમી સહન ન કરી શકવાથી ગોશાલક પ્રભુ વીરના શરણે આવ્યા અને પ્રભુના દિવ્ય પ્રભાવથી તેમને શાતા મળતાં તેમને સમજણ જાગી, તેમ જ પોતે કરેલા કાર્યનો પશ્ચાત્તાપ થયો. અને એ પશ્ચાત્તાપના પરિણામે કાલધર્મ બાદ અચ્યુત દેવલોકની તેમને પ્રાપ્તિ થઈ. એમ લાગે છે કે કથાસાહિત્યમાં આવી વિભિન્નતા મળવી બહુ સ્વાભાવિક છે. તેને મતાંતર, ગુરુપારમ્પર્ય વગેરે તરીકે સમજવી જોઈએ. પરંતુ, કોઈ આવા ગ્રંથાંતરના આધારે આવી વાત રજૂ કરે, ત્યારે પરંપરાપ્રાપ્ત વાતો સિવાયની આવી વાતોથી અજાણ હોઈએ તો, તેમને શાસ્ત્રવિરોધી, મિથ્યાભાષી વગેરે કહીને ઉતારી પડાય નહીં. – સં.]

* * *

## કૈકેયીની ૭૨ કળાઓમાં પારંગતતા

સ્ત્રીઓ ૬૪ કળામાં નિપુણ હોય છે એમ આપણે સામાન્ય રીતે સમજીએ છીએ. પણ કલિકાલસર્વજ્ઞ *શ્રીહેમચન્દ્રાચાર્ય* વિરચિત *ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત* માં વર્ણવ્યા મુજબ કૈકેયી ૭૨ કળામાં નિપુણ હતી –

"कैकेयी रश्मिमादायाऽध्यारुरोह सत्वरम् । द्वासप्ततावपि कला-स्वभिज्ञा सा हि धीमती ।।" (૭.૨.૧૬૩)

આ ઉપરાંત શ્લોક ક્ર. ૧૫૨ માં પણ કૈકેયીનું द्वासप्ततिकलानिधेः એવું વિશેષણ મૂક્યું છે.

**- મુનિ શ્રીરાજદર્શનવિજયજી** (ડહેલાવાળા-સમુદાય)

* * *

## જય જય ઉજ્જયંત ગિરનાર

રૈવતકગિરિ દરેક આરામાં જુદા જુદા નામે ઓળખાય છે અને દરેક આરામાં એની ઊંચાઈ પણ જુદી જુદી હોય છે –

| આરો | ઊંચાઇ | નામ | આરો | ઊંચાઇ | નામ |
|---|---|---|---|---|---|
| ૧ | ૩૬ યોજન | કૈલાસ | ૪ | ૧૦ યોજન | સ્વર્ણગિરિ |
| ૨ | ૨૦ યોજન | ઉજ્જયંત | ૫ | ૨ યોજન | ગિરનાર |
| ૩ | ૧૬ યોજન | રૈવત | ૬ | ૧૦૦ ધનુષ | નંદભદ્ર |

**- મુનિ શ્રીમલયગિરિવિજયજી** (શ્રીનેમિસૂરિજી-સમુદાય)

* * *

## દંડાસનમાં નેતરની સોટીનું એક વધુ કારણ

શ્રમણજીવનના એક મહત્ત્વના ઉપકરણ દંડાસન(-પાદપ્રોંછન)ની લાકડી પ્રાયઃ વેતસ(-વેત્ર, નેતર)ની હોય છે. પરંપરાથી આમાં નેતરની લાકડી વપરાતી આવી છે. આમાં, જીવરક્ષા બરાબર પળાય, કાજો વ્યવસ્થિત રીતે ઉદ્ધરી શકાય, વળી શકે એવું લાકડું હોવાથી જલદી તૂટે નહિ વગેરે અનેક કારણો હોઇ શકે. પણ હમણાં વેતસનો એક નવો જ ગુણધર્મ જાણવા મળ્યો. દંડાસનમાં તેની જ લાકડી વપરાવાનું તે પણ એક કારણ હોય તેમ જણાતાં તેની અત્રે નોંધ કરું છું.

*શ્રીદશવૈકાલિકસૂત્ર* ની નિર્યુક્તિ – ગાથાક્રમાંક - ૬૩-૬૪માં ભાવશ્રમણને વિભિન્ન ઉપમાઓ આપવામાં આવી છે. તેમાં એક વંજુલની છે. 'વંજુલ' એ વેતસનું જ એક બીજું નામ છે. આ ઉપમાને શ્રમણ સાથે કેવી રીતે ઘટાવવાની છે તે અંગે વૃત્તિકાર ભગવંતો જણાવે છે કે –

"समीवोगताण वंजुलेणेव विसोवसमणे कोहादिविसोवसमणसमत्थेण ।" - *अगस्त्यसिंहसूरि-चूर्णि*

"वंजुलो नाम वेतसो, तस्स किल हेट्ठा चिट्ठिया सप्पा निव्विसीभवंति, एरिसेण साहुणा भवितव्वं ।" - *वृद्धविवरण-चूर्णि*

"वञ्जुलः- वेतसः, तत्समेन भवितव्यम्, क्रोधादिविषाभिभूतजीवानां तदपनयनेन । एवं हि श्रूयते - किल वेतसमाप्य निर्विषा भवन्ति सर्पा इति ।" – *હારિભદ્રીવૃત્તિ*

*વજ્જાલગ્ગં* ની ગાથા – ૯૬માં પણ નીચે મુજબ પંક્તિ મળે છે –

"वंजुलसंगेण विसं व पन्नगो मुयइ सो पावं ।।"

આના પરથી જણાય છે કે વેતસનો એવો અદ્ભુત ગુણધર્મ છે કે ઝેરી જંતુ તેની પાસે આવવામાત્રથી નિર્વિષ થઇ જાય છે. હવે રાત્રિસમયે સાધુ-સાધ્વીજી ભગવંતો દંડાસન પોતાની પાસે જ મૂકી રાખતા હોય છે. સંથારો કરે ત્યારે પણ તે બાજુમાં જ પડ્યું હોય છે. તેથી તેઓની પાસે કોઇ ઝેરી સાપ વગેરે જંતુ આવી ચડે તો પણ તે નિર્વિષ થઇ જતાં, તેનાથી કોઇ તકલીફ થવાની સંભાવના રહેતી નથી. અને આત્મવિરાધના-સંયમવિરાધના ઉભયથી સાધુ-સાધ્વીજી બચી જાય છે. દંડાસનની એક નાનકડી લાકડી કેટલું કામ આપી શકે છે ! દંડાસનમાં નેતરની જ લાકડી વપરાવાનું આ પણ એક કારણ હોય તેમ જણાય છે.

આપણા પૂર્વજોએ સાધુ-સાધ્વીજી ભગવંતોની આરાધના અંગે કેટલી ચિંતા કરી છે ! આત્મવિરાધના-સંયમવિરાધના ઉભયથી સાધુ-સાધ્વીજી ભગવંતો બચી જાય અને શ્રામણ્યજીવનની આરાધના નિર્વિઘ્ને પ્રવર્તે એ માટે કેવી કેવી અદ્ભુત ગોઠવણો કરી છે ! આ બધું વિચારીએ ત્યારે હૈયું અહોભાવથી છલકાઇ ઊઠે છે ! – ત્રૈ.મં.

* * *

## અક્ષરપટલ[1]

*શ્રીવિજયલક્ષ્મીસૂરિજી* રચિત જ્ઞાનપંચમીના દેવવંદનમાં શ્રુતજ્ઞાનના અધિકારમાં એક કડી નીચે પ્રમાણે આવે છે –

"અક્ષરનો અનંતમો રે, ભાગ ઉઘાડો છે નિત્ય રે; તે તો અવરાએ નહીં રે, જીવસૂક્ષ્મનું એ ચિત્ત રે."

આમાં આવતા 'અક્ષર' અંગે થોડોક વિમર્શ જરૂરી છે. અત્રે કરાયેલ વિમર્શ મુખ્યત્વે આ સાધનો પર આધારિત છે – *શ્રીનંદીસૂત્ર* અને તેની *શ્રીજિનદાસ મહત્તર* રચિત ચૂર્ણિ, *શ્રીહરિભદ્રસૂરિ* કૃત વૃત્તિ અને *શ્રીમલયગિરિસૂરિ* પ્રણીત વૃત્તિ; *શ્રીબૃહત્કલ્પલઘુભાષ્ય* અને તેની અજ્ઞાતકર્તૃક ચૂર્ણિ, *શ્રીમલયગિરિસૂરિ* પ્રણીત વૃત્તિ અને *બૃહત્કલ્પબૃહદ્ભાષ્ય;* તેમ જ *શ્રીવિશેષાવશ્યક મહાભાષ્ય* અને તેની *મલધારી શ્રીહેમચંદ્રસૂરિ* કૃત વૃત્તિ.

આ કડીમાં ગૂંથાયેલ ભાવ દર્શાવતો *શ્રીનંદીસૂત્ર* નો મૂળપાઠ આ પ્રમાણે છે –

"सव्वागासपदेसग्गं सव्वागासपदेसेहिं अणंतगुणियं[2] पज्जवग्गक्खरं णिप्फज्जइ । सव्वजीवाणं पि य णं अक्खरस्स अणंतभागो[3] णिच्चुग्घाडिओ, जति पुण सो वि आवरिज्जा तेण जीवो अजीवत्तं पावेज्जा ।।" (सूत्र-૭૪-૭૫)

આ પાઠનો સામાન્ય અર્થ –

"સર્વ આકાશના પ્રદેશોને સર્વ આકાશના પ્રદેશો જેટલી અનંતસંખ્યાએ ગુણીએ તો અક્ષરના પર્યાયોનું પરિમાણ આવે છે. સર્વ જીવોને આ અક્ષરનો અનંતમો ભાગ હમેશાં ઉઘાડો જ હોય છે. કેમ કે જો એ પણ આવૃત થઇ જાય તો જીવ અજીવ જ બની જાય."

જૈન શાસ્ત્રોમાં 'न क्खरतीति अक्खरं (ખરી ન જાય – નાશ ન પામે તે અક્ષર)' એવી વ્યુત્પત્તિને અનુસરીને, જીવનો જ્ઞાનગુણ ક્યારેય નાશ ન પામતો હોવાથી 'અક્ષર' કહેવાય છે. અલબત્ત, આ વાત દ્રવ્યાસ્તિક નય પૂરતી જ સાચી છે. પર્યાયાસ્તિક નયની અપેક્ષાએ તો તે પણ ક્ષણભંગુર જ છે, માટે 'ક્ષર' જ છે. એ જ રીતે, ધર્માસ્તિકાયાદિ પદાર્થો પણ દ્રવ્યાસ્તિક નયની

[1] *નંદીસૂત્ર* ની ચૂર્ણિમાં આ વિષયની ચર્ચાને अक्खरपडलं એવું નામ અપાયું હોવાથી અહીં પણ એ જ નામ રાખ્યું છે. જ્ઞાનપંચમીને અનુલક્ષીને આ લખાણ અત્રે પ્રગટ કર્યું છે.

[2] ...पदेसेहिं गुणियं – *બૃહત્કલ્પચૂર્ણિ,* ગાથા-૬૪ માં ઉદ્ધૃત પાઠ

[3] अणंततमो भागो – *દ્વાદશારનયચક્ર* માં ઉદ્ધૃત પાઠ

અપેક્ષાએ શાશ્વત હોવાથી 'અક્ષર' ગણાય છે.[4] અને અકારાદિ વર્ણો કે તેવો વર્ણાત્મક બોધ તો લોકરૂઢિને અનુસારે સામાન્યથી 'અક્ષર' ગણાય જ છે.

આમ કુલ ત્રણ વસ્તુની 'અક્ષર' તરીકે ઓળખ થાય છે – ૧. જ્ઞાનસામાન્ય એટલે કે કેવલજ્ઞાન (કેવલાક્ષર), ૨. અકારાદિ વર્ણો અને તેમનાથી સંવલિત અક્ષરાત્મક બોધ (શ્રુતાક્ષર), ૩. જ્ઞેય પદાર્થો.[5]

આ ત્રણે પ્રકારના અક્ષરમાં સર્વ આકાશપ્રદેશોથી પણ અનંતગુણ પર્યાયો કઇ રીતે ઘટે છે તે જોઇએ –

**કેવલાક્ષર** – કેવલજ્ઞાનમાં પર્યાયોની ગણતરી કરવાની અલગ-અલગ ત્રણ વિવક્ષા દેખાય છે –

૧. કેવલજ્ઞાન સર્વ દ્રવ્યોના સર્વ પર્યાયોને જુએ છે - જાણે છે. હવે, જ્ઞાનવાદી નય એવું માને છે કે જ્ઞાનનો વિષય બનતો પદાર્થ જ્ઞાનમય જ હોય છે. એ રીતે જોઇએ તો સર્વપર્યાયરાશિ કેવલજ્ઞાનમય બને છે અને તે કેવલજ્ઞાનના સ્વપર્યાયો ગણાય છે. આ વિવક્ષા અનુસાર કેવલજ્ઞાન માટે પરપર્યાય જેવું કશું બચતું જ નથી, કેમ કે સર્વ આકાશપ્રદેશોથી પણ અનંતગુણ જે સર્વપર્યાયરાશિ છે તે કેવલજ્ઞાનનો વિષયભૂત હોવાથી તેના સ્વપર્યાયરૂપ જ છે.[6]

૨. કેવલજ્ઞાન સર્વ દ્રવ્યોના સર્વ પર્યાયોને જુએ છે - જાણે છે. હવે તે જે સ્વભાવથી એક પર્યાયને જાણે છે, તે જ સ્વભાવથી તે અન્ય પર્યાયને નથી જાણી શકતું. નહીં તો સર્વ પર્યાયો એક જ થઇ જવાની આપત્તિ આવે, પર્યાયો અલગ-અલગ ન રહે. કેમ કે વિભિન્ન જ્ઞાનોના વિષય બનવું તે જ તો વસ્તુઓનું પૃથક્ત્વ ગણાય છે. માટે અનંત પર્યાયોને જાણવાના અનંતા સ્વભાવ કેવલજ્ઞાન ધરાવે છે એમ સમજવું જોઇએ. આમાં સ્વભાવ એટલે જ પર્યાય. તેથી સર્વ આકાશપ્રદેશોથી પણ અનંતગુણ જે સર્વપર્યાયરાશિ છે તે સર્વને કેવલજ્ઞાન વિષય બનાવતું હોવાથી, કેવલજ્ઞાનના તે તે પર્યાયોને જાણનારા સ્વભાવો- સ્વપર્યાયો અને પરપર્યાયો – બન્ને તુલ્ય જ છે.[7]

૩. વસ્તુસ્થિતિ જોઇએ તો, કેવલજ્ઞાન જીવનો સ્વભાવ છે અને અનંતા પદાર્થોમાંથી એક પદાર્થમાત્ર છે. તેથી અમૂર્તત્વ, ચૈતન્ય, આત્મવૃત્તિત્વ, સર્વજ્ઞત્વ જેવા એના પોતાના જે ધર્મો છે, તે એના સ્વપર્યાયો છે. અને ઘટ, પટ વગેરે અનંતા પદાર્થોના જે અનંતા પર્યાયો છે તે એના માટે પરપર્યાયો છે. આ અપેક્ષાએ કેવલજ્ઞાનના સ્વપર્યાયો કરતાં એના પરપર્યાયો અનંતગુણ વધે છે.[8]

---

[4] "पढमनयादेसतो ण क्खरतीति अक्खरं । पढमो त्ति आदि णेगमो, आदेसओ त्ति मततो । पढमणय-मतेण अणुप्पण्णं णाणं, जीवाओ ण क्खरइ । जे पुण तेहिं अक्खरेहिं अभिलप्पंति अत्था ते क्खरा होज्जा अक्खरा वा । घटादी क्खरा, धम्मत्थिकायादि अक्खरा ।।" – *બૃહત્કલ્પચૂર્ણિ* – ગાથા- ૪૩ "यद्यप्यविशुद्धनयाभिप्रायेण सर्वमपि ज्ञानमक्षरं, तथा सर्वेऽपि भावा अक्षरास्तथापि रूढिवशाद् वर्ण एवेहाऽक्षरं भण्यते ।।" - *વિશે. ભાષ્ય* – ગાથા-૪૫૯ વૃત્તિ

[5] *નંદીસૂત્ર* ની ચૂર્ણિમાં એક ઠેકાણે અકારાદિ વર્ણોને દ્રવ્યશ્રુત અને તદાત્મક બોધને ભાવશ્રુત ગણીને જ્ઞાનાત્મક અક્ષરના ત્રણ પ્રકાર આમ ગણાવાયા છે – ૧. કેવલાક્ષર, ૨. તદાત્મક બોધ, ૩. અકારાદિ વર્ણો. "तत्थ अक्खरं तिविहं – णाणक्खरं अभिलावक्खरं वण्णक्खरं च ।।" – સૂત્ર – ૫૯ ચૂર્ણિ

[6] "केवलज्ञानं सर्वानपि सर्वद्रव्य-पर्यायान् जानाति, ते च तेन ज्ञायमाना ज्ञानवादिनयमतेन तत्स्वरूपतया परिणताः । ततो ज्ञानमयत्वात् ते केवलस्य स्वपर्याया एव भवन्ति । अतः केवलज्ञानं तैरेव सर्वद्रव्य-पर्यायराशितुल्यं भवति ।... अत्र पक्षे केवलस्य परपर्यायविवक्षा न कृता ।" – *વિશે. ભાષ્ય* – ગાથા-૪૯૪ વૃત્તિ

[7] "सर्वद्रव्यगतान् सर्वानपि पर्यायान् केवलज्ञानं जानाति । येन च स्वभावेनैकं पर्यायं जानाति, न तेनैवाऽपरमपि, किन्तु स्वभावभेदेन, अन्यथा सर्वद्रव्य-पर्यायैक्यप्रसङ्गात् । तस्मात् सर्वद्रव्य-पर्यायराशितुल्याः स्वभावभेदलक्षणाः केवलज्ञानस्य स्वपर्यायाः । सर्वद्रव्य-पर्यायास्तु परपर्यायाः । इत्येवं स्वपर्यायाः परपर्यायाश्चोभयेऽपि परस्परं तुल्याः केवलस्येति ।" - *વિશે. ભાષ્ય* – ગાથા-૪૯૫ વૃત્તિ

[8] "यथावस्थितवस्तुस्वरूपमाश्रित्य केवलज्ञानमकाराद्यक्षरवत् स्व-परपर्यायभेदतो भिन्नमेव । न तु यथोक्तनीत्या स्वपर्यायान्वितमेवेति भावः । कुतः? इत्याह – येन कारणेन तत् केवलज्ञानं जीवपर्यायो, न घटादिस्वरूपं तत् । नाऽपि घटादयस्तत्स्वभावाः, किन्तु ततो भिन्ना इति तेन ज्ञायमाना अपि कथं तस्य स्वपर्याया भवेयुः ? सर्वसङ्करैकत्वादिप्रसङ्गात् । तस्मादमूर्तत्व-चेतनवत्त्व-सर्ववेत्तृत्वा-ऽप्रतिपातित्व-निरावरणत्वादयः केवलज्ञानस्य स्वपर्यायाः, घटादिपर्यायास्तु व्यावृत्ति-माश्रित्य परपर्यायाः ।।" - *વિશે. ભાષ્ય* – ગાથા-૪૯૫ વૃત્તિ

જો કે, આમ હોવા છતાં પણ, કેવલજ્ઞાનના સર્વ પર્યાયો તો સર્વપર્યાયરાશિ-તુલ્ય જ થાય છે. કેમ કે, જેમ એના સ્વપર્યાયો અસ્તિત્વ સંબંધથી એની સાથે જોડાયેલા છે. એમ પરપર્યાયો પણ નાસ્તિત્વ સંબંધથી એની સાથે જોડાયેલા જ છે. વસ્તુના સ્વરૂપના નિર્ધારણમાં જેમ સ્વપર્યાયો ઉપકારક બને છે, તેમ પરપર્યાયો પણ વ્યવચ્છેદ કરાવવા દ્વારા એમાં નિમિત્ત બને જ છે. તેથી આ વિવક્ષાએ પણ કેવલજ્ઞાન સ્વ-પર ઉભય પર્યાયોની અપેક્ષાએ સર્વપર્યાયરાશિ જેટલા જ પર્યાયો ધરાવે છે.

ટૂંકમાં, ઉપરોક્ત ત્રણ વિવક્ષાઓમાં – ૧. કેવલજ્ઞાનના સ્વપર્યાયો સર્વપર્યાયરાશિ જેટલા, મતલબ કે સર્વ આકાશપ્રદેશોથી પણ અનંતગુણ છે, અને પરપર્યાયો છે જ નહીં. ૨. કેવલજ્ઞાનના સ્વપર્યાયો અને પરપર્યાયો – બન્ને સર્વ આકાશપ્રદેશોથી પણ અનંતગુણ છે. ૩. સ્વ-પર ઉભય પર્યાયોની અપેક્ષાએ કેવલજ્ઞાનના પર્યાયો સર્વ આકાશપ્રદેશોથી પણ અનંતગુણ છે. આમ, ત્રણમાંથી કોઈ પણ વિવક્ષા પકડો, કેવલજ્ઞાનના પર્યાયો, સર્વ આકાશપ્રદેશોથી પણ અનંતગુણ જે સર્વપર્યાયરાશિ છે તેના જેટલા થઈને જ રહે છે.

આમાં એટલી ચોખવટ જરૂરી છે કે કેવલજ્ઞાનના પર્યાયો ખરેખર તો સર્વ આકાશપ્રદેશોને સર્વ આકાશપ્રદેશો જેટલી અનંતસંખ્યાએ ગુણીએ અને જે જવાબ આવે તેના કરતાં થોડાક વધારે છે. કેમ કે સર્વાકાશના એક એક પ્રદેશમાં અનંતા અગુરુલઘુ પર્યાયો હોય છે. આ અનંતું સર્વાકાશના સર્વ પ્રદેશોની સંખ્યા જેટલું છે. એટલે એકલા આકાશાસ્તિકાયના પર્યાયો જ સર્વ આકાશપ્રદેશોને સર્વ આકાશપ્રદેશો જેટલી અનંતસંખ્યાએ ગુણીએ અને જે જવાબ આવે તેના જેટલા થઈ જાય છે. તેમાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, અનંતા જીવો, સંપૂર્ણ પુદ્ગલાસ્તિકાય અને અદ્ધાસમયોના; અભિલાપ્ય ભાવોના વાચક અનંતા શબ્દોના; તે તે શબ્દોમાં સમાતા સ્વર-વ્યંજનોના; જીવોની જ્ઞાનોત્પાદક વિવિધ ચેષ્ટાઓના – એમ ઘણી ઘણી વસ્તુઓના પર્યાયો ગણીએ, તો સ્વાભાવિક રીતે એટલા પર્યાયો પૂર્વોક્ત રાશિમાં ઉમેરવાના થાય જ.[9] પરંતુ આ પર્યાયોનો કુલ જથ્થો, સર્વાકાશના પર્યાયોના કુલ જથ્થા સામે એટલો નાનો હોય છે કે, એનો સર્વાકાશના પર્યાયરાશિમાં અંતર્ભાવ કરીને, સર્વપર્યાયરાશિ સર્વ આકાશપ્રદેશોથી અનંતગુણ જ ગણાય છે.

હવે આપણે શ્રુતાક્ષર અંગે થોડોક વિમર્શ કરીશું.

**શ્રુતાક્ષર** – શ્રુતનો વિષય તો સર્વ પર્યાયોનો અનંતમો ભાગ જ છે. તો તેના પર્યાયો સર્વપર્યાયરાશિ-તુલ્ય કઈ રીતે થશે ? આનો જવાબ જોતાં પૂર્વે શ્રુતાક્ષરના પોતાના પર્યાયો અનંતા કઈ રીતે થાય છે તે જોઈએ –

વચનનો વિષય બને તેવા દ્રવ્ય-પર્યાયો અનંત છે. તેથી તે અનંત વસ્તુના અભિધાયક શબ્દો પણ અનંતા જ થવાના. આ સઘળાય શબ્દો અકારાદિ વર્ણોની જ અલગ-અલગ ગોઠવણરૂપ – પર્યાયરૂપ છે. તેથી અકારાદિ અક્ષરશ્રુતના સ્વપર્યાયો અનંત છે. અને જે ઘટ, પટ વગેરે પદાર્થોના અનંતાનંત પર્યાયો છે, તે બધા શ્રુતાક્ષર માટે પરપર્યાયો છે. પૂર્વે જોયું તેમ, આ પરપર્યાયોની અપેક્ષાએ જ સ્વપર્યાયોનો બોધ થઈ શકે છે, તેથી તે પણ શ્રુતના જ પર્યાયો ગણાય છે. ફરક એટલો જ છે કે, સ્વપર્યાયો અસ્તિત્વ સંબંધથી શ્રુતાક્ષરમાં રહે છે. જ્યારે પરપર્યાયો નાસ્તિત્વ સંબંધથી શ્રુતાક્ષરમાં રહે છે. તેથી આવી રીતે વિચારીએ તો, સર્વપર્યાયરાશિની અપેક્ષાએ શ્રુતાક્ષરના સ્વપર્યાયો અનંતમા ભાગ જેટલા જ હોવા છતાં, સ્વ-પર ઉભય પર્યાયોની અપેક્ષાએ શ્રુતાક્ષરના પર્યાયો પણ સર્વપર્યાયરાશિ-તુલ્ય એટલે કે સર્વ આકાશપ્રદેશોથી અનંતગુણ જ છે.[10]

શ્રુતાક્ષરમાં સ્વપર્યાયોની ગણતરી આ રીતે પણ સમજાવવામાં આવે છે – એક અકારના જ ઉદાત્ત-અનુદાત્ત-સ્વરિત અને તે દરેક ઉદાત્ત-અનુદાત્ત-સ્વરિતના સાનુનાસિક-નિરનુનાસિક થઈને ૬ ભેદ પડે છે. એ જ રીતે કકાર, હકાર વગેરે એકલા વર્ણો; સંયુક્તાક્ષરો, અનેકાક્ષર શબ્દો આ બધા સાથે જોડાઈને પણ તેના ૬-૬ ભેદ પડે છે. વળી, એકસરખી આનુપૂર્વી ધરાવતા અકારવાળા શબ્દો પણ વાચ્યભેદે અલગ-અલગ ગણાય છે. આ બધા જ અકારના સ્વપર્યાયો છે. એ જ રીતે આકાર, ઇકાર વગેરે એકલા વર્ણો; સંયુક્તાક્ષરો, અનેકાક્ષર શબ્દો – આ બધાના પર્યાયો ગણીએ તો સ્વાભાવિક રીતે એ આંકડો અનંતાનંત જ થાય.[11]

---

[9] "उवलद्धी-अगुरुलहुसंजोग-सरादिणो य पज्जाया ।

एतेण हुंतऽणंता सव्वगासप्पदेसेहिं ।।" – *બૃહત્કલ્પલઘુભાષ્ય* – ગાથા-૭૨

[10] "इह ये यस्य स्वपर्यायविशेषणतयोपयुज्यन्ते ते तस्य पर्यायतया व्यपदिश्यन्ते, यथा घटस्य रूपादयः, उपयुज्यन्ते चाऽकारस्वपर्यायाणां विशेषणतया घटादिपर्यायाः, तानन्तरेण स्वपर्यायव्यपदेशाभावात् ।" – *નંદીસૂત્ર* – ૭૭ ની *હારિભદ્રી વૃત્તિ*

[11] "इह अकार उदात्तोऽनुदात्तः स्वरितः, स सानुनासिको निरनुनासिकश्च, एवं दीर्घः प्लुतः । एवं तावदष्टादशभेदमवर्णं ब्रुवते । एवं यावतः केवल एवाऽकारो लभते सानुनासिकादीन्, तथाऽन्यवर्णसहितो वा । तेऽप्यस्य स्वपर्यायाः । ते चाऽनन्ताः । कथम्? अभिलाप्यबाह्यनिमित्तभेदात्, तस्य च परमाणु-द्व्यणुकादिभेदेनाऽनन्तत्वात् ।" - *નંદીસૂત્ર* – ૭૭ ની *હારિભદ્રી વૃત્તિ*

*બૃહત્કલ્પબૃહદ્ભાષ્ય* માં આ અંગે એક નવી જ વાત જણાવવામાં આવી છે કે જેમ એકસરખી આનુપૂર્વી ધરાવતા શબ્દો (દા.ત. હરિ) પણ અર્થભેદે (દા.ત. વિષ્ણુ, સિંહ વગેરે) અલગ-અલગ ગણાય છે અને તે તમામને તે શબ્દના પર્યાયો ગણવામાં આવે છે. તેમ એક જ અર્થના વાચક અલગ-અલગ શબ્દો પણ પરસ્પર એકબીજાના પર્યાયો જ ગણાય છે. જેમ કે એક જ પદાર્થના વાચક ઘટ, કુંભ, કળશ વગેરે શબ્દો એકબીજાના પર્યાયો જ છે. તેથી ઘટ શબ્દ માટે ઘડાના વાચક અન્ય તમામ શબ્દો (દેશભેદે-કાળભેદે આવા શબ્દો અનંતા જ હોવાના) સ્વપર્યાય જ કહેવાશે. વળી, કોઇ એક ચોક્કસ શબ્દ જેમાં વપરાયો હોય તેવા તમામ સામાસિક પદો પણ તે શબ્દના મિશ્ર સ્વપર્યાયો જ ગણાય છે. જેમ કે ઘટત્વ, ઘટપટ – આવા અનેક શબ્દો 'ઘટ' શબ્દ માટે સ્વપર્યાયો જ છે.[12] *બૃહત્કલ્પબૃહદ્ભાષ્ય* માં વર્ણવાયેલી આ રીતે વિચારીએ તો શ્રુતાક્ષરના સ્વપર્યાયોનું પરિમાણ પણ કેટલું મોટું છે તેનો સ્વાભાવિક અંદાજ આવી શકે. *બૃહત્કલ્પલઘુભાષ્ય* - ગાથા-૬૪ ની *ચૂર્ણિ* માં શ્રુતાક્ષરના સ્વપર્યાયોની સંખ્યા પણ સર્વ આકાશપ્રદેશોથી અનંતગુણ જ જણાવવામાં આવી છે.[13] અને એના પરપર્યાયો તો સર્વ આકાશપ્રદેશોથી અનંતગુણ છે જ. એટલે સ્વ-પર ઉભય પર્યાયોની અપેક્ષાએ શ્રુતાક્ષરના પર્યાયો પણ સર્વપર્યાયરાશિ-તુલ્ય એટલે કે સર્વ આકાશપ્રદેશોથી અનંતગુણ જ છે.

એ જ રીતે જ્યારે આપણે જ્ઞેય પદાર્થોને 'અક્ષર'રૂપ સમજીએ, ત્યારે કોઇ પણ પદાર્થના પર્યાયોની સંખ્યા સ્વ-પર ઉભય પર્યાયોની અપેક્ષાએ સર્વપર્યાયરાશિ-તુલ્ય જ થાય છે.[14] એમાં એટલી સ્પષ્ટતા જરૂરી છે કે આકાશાસ્તિકાય સિવાયના દ્રવ્યોના સ્વપર્યાયો સર્વપર્યાયરાશિના અનંતમા ભાગે છે, અને પરપર્યાયો તેનાથી અનંતગુણ છે. જ્યારે આકાશાસ્તિકાયના સ્વપર્યાયો સર્વપર્યાયરાશિના બહુ અનંતા ભાગ જેટલા છે, અને પરપર્યાયો સર્વપર્યાયરાશિના અનંતમા ભાગે છે.[15]

પ્રશ્ન એ થાય કે *નંદીસૂત્ર* ના ઉપરોક્ત પાઠમાં જે 'સર્વજીવોને અક્ષરનો અનંતમો ભાગ નિત્ય ઉઘાડો જ હોય છે' એમ જે જણાવ્યું છે, તેમાં 'અક્ષર' તરીકે જ્ઞેયપદાર્થો તો ન જ લેવાય તે સહજ સમજાય તેમ છે. પણ 'અક્ષર' શબ્દથી 'શ્રુતાક્ષર' સમજવાનું કે 'કેવલાક્ષર' તે ચોખવટ નથી થતી.

આ પ્રશ્નના બે જવાબ છે અને અપેક્ષાભેદે બન્ને સંગત પણ થાય છે. *નંદીસૂત્ર* માં આ પાઠ અપર્યવસિત અક્ષરશ્રુતના અધિકારમાં આવે છે. તેથી *નંદીસૂત્ર* ના ટીકાકાર ભગવંતો અત્રે 'અક્ષર' શબ્દથી શ્રુતાક્ષર લેવાનું જ સૂચવે છે. અત્રે 'અક્ષર'થી કેવલાક્ષરનું ગ્રહણ ન કરી શકાય એ માટે તેઓએ એવો તર્ક આપ્યો છે કે કેવલજ્ઞાન તો હમેશાં પરિપૂર્ણ જ હોય છે. તેમાં વિભાગી-કરણની શક્યતા જ નથી.[16] તો સર્વ જીવોને એનો અનંતમો ભાગ ઉઘાડો જ હોય એમ કઇ રીતે રહી શકાય ? જ્ઞાનપંચમીના દેવવંદનમાં પણ "અક્ષરનો અનંતમો રે" એ કડી શ્રુતજ્ઞાનના અધિકારમાં જ આવે છે.

આની સામે *બૃહત્કલ્પલઘુભાષ્ય* માં આવી ગાથા છે –

"णाणं तु अक्खरं जेण, खरति ण कयाति तं तु जीवातो ।

तस्स उ अणंतभागो, न वरिज्जति सव्वजीवाणं ।।" (ગાથા-૭૪)

---

[12] "वंजणमक्खरमहिगत तं पुण गोसद्दमादि विण्णेयं । तस्स तु सपज्जाया वइसद्दादि इमे होंति ।।

अधवा घडाति वंजण सपज्जाया तु तस्सिमे होंति । घडकुडकुंभातीया जे तस्स तु णामपज्जाता ।।"

[13] "सव्वागासपएसग्गं सव्वागासप्पएसेहिं गुणियं जावतिया तम्मि पज्जवा एवतिया एगस्स अक्खरस्स सपज्जवा भवंति ।।"

[14] "जं वत्थुमत्थि लोए तं सव्वं सव्वपज्जायं ।।" - *વિશે. ભાષ્ય* – ગાથા-૪૮૬

[15] "सर्वस्याऽपि वस्तुनो लोका-ऽलोकाकाशं विहाय स्तोकाः स्वपर्यायाः, परपर्यायास्त्वनन्तगुणाः । लोका-ऽलोकाकाशस्य तु केवलस्याऽप्यनन्तगुणत्वात्, शेषपदार्थानां तु समुदितानामपि तदनन्तभागवर्तित्वाद् विपरीतं द्रष्टव्यम् – स्तोकाः परपर्यायाः, स्वपर्यायास्त्वनन्तगुणाः ।।" - *વિશે. ભાષ્ય* – ગાથા-૪૮૮ વૃત્તિ

[16] "इतश्चैतदकाराद्येव प्रतिपत्तव्यम्, अस्मिन्नेवाऽधिकारे 'अक्षरस्याऽनन्तभागो नित्योद्घाटितः' इत्युपन्यस्तत्वात् । केवलस्य चाऽविभागसम्पूर्णत्वेन निकृष्टानन्तभागासम्भवात् ।... पारिशेष्यादकारादिश्रुताक्षरस्य निबन्धनज्ञानस्यैवाऽसावित्यलं प्रसङ्गेन ।।" - *નંદીસૂત્ર* – ૭૭ ની *હારિભદ્રી વૃત્તિ*

આમાં સ્પષ્ટ રીતે 'અક્ષર' શબ્દથી જ્ઞાનસામાન્ય લેવાનું જ સૂચવ્યું છે. અને જ્ઞાનસામાન્ય શબ્દથી કેવલજ્ઞાનનો જ વ્યવહાર થાય છે. માટે અત્રે 'અક્ષરનો અનંતમો ભાગ ઉઘાડો છે' એમ કહેવામાં કેવલાક્ષર જ અભિપ્રેત છે. અલબત્ત, *બૃહત્કલ્પલઘુભાષ્ય* ના વૃત્તિકાર *શ્રીમલયગિરિ* ભગવંતે પ્રસ્તુત ચર્ચાના પ્રારંભે 'અક્ષર' તરીકે કેવલાક્ષરનું ગ્રહણ કરવા છતાં, અંતે 'સર્વ જીવોને શ્રુતાક્ષરનો અનંતમો ભાગ ઉઘાડો હોય છે' એમ કહીને જ સમાધાન કર્યું છે.[17]

વાસ્તવિક રીતે જોઈએ તો, જીવમાં રહેલું કેવલજ્ઞાન જ અનંતાં કર્મોનાં ગાઢ પડલોથી ઢંકાઈ જવા છતાં, જીવસ્વભાવને લીધે જે નાનકડી જ્ઞાનમાત્રા ખુલ્લી રહી જાય છે, તે જ્ઞાનમાત્રાના અલગ-અલગ રીતે થતા ઉઘાડ જ મતિજ્ઞાનાદિ તરીકે ઓળખાય છે. એટલે પૃથ્વીકાયાદિમાં જે જઘન્ય જ્ઞાનમાત્રા સંભવે તે પણ કેવલજ્ઞાનનો જ અનંતમો ભાગ છે. કેવલજ્ઞાન ખરેખર તો *નંદીસૂત્ર* ના વૃત્તિકાર ભગવંતો જણાવે છે તેમ અવિભાગ-વિભાગ વિનાનું-સંપૂર્ણ જ છે. તો પણ એ વાત એના સંપૂર્ણ પ્રકટીકરણ પૂરતી જ સાચી છે. એ પ્રકટીકરણ ન થાય ત્યાં સુધી તો એના નાના નાના વિભાગોની જ ખોલ-બંધ ચાલુ રહે છે.

માટે *નંદીસૂત્ર* ના ઉપરોક્ત પાઠમાં 'અક્ષરનો અનંતમો ભાગ ઉઘાડો છે' એ વાતમાં કેવલાક્ષર જ લઈએ તો કોઈ વાંધો નથી જ. પણ *નંદીસૂત્ર* માં આ પાઠ અક્ષરશ્રુતના અધિકારમાં હોવાથી પ્રકરણસંગતિ ખાતર શ્રુતાક્ષરનું ગ્રહણ કરીએ તો પણ કોઈ વિરોધ નથી. કેમ કે કેવલાક્ષર લો કે શ્રુતાક્ષર – બન્નેના પર્યાયો પૂર્વે જોયું તેમ, સર્વપર્યાયરાશિ-તુલ્ય એટલે કે સર્વ આકાશપ્રદેશોથી અનંતગુણ છે જ. અને શ્રુતાક્ષર સ્વયં જ્ઞાનસામાન્ય- કેવલાક્ષરના જ એક અનંતમા ભાગસ્વરૂપ છે. તેથી સર્વ આકાશપ્રદેશોથી અનંતગુણ પર્યાયો ધરાવતા 'અક્ષર' તરીકે કેવલાક્ષરનું ગ્રહણ કરીએ કે શ્રુતાક્ષરનું, તેમ જ જીવમાત્રમાં જ્ઞાનની જે નાની નાની માત્રાઓ ખુલ્લી હોય છે તેને શ્રુતાક્ષરની ગણીએ કે કેવલાક્ષરની – બન્ને વાત યુક્તિયુક્ત જ છે.

*વિશેષાવશ્યક-મહાભાષ્ય* માં અત્રે શ્રુતાક્ષર અને કેવલાક્ષર – ઉભયની સંગતિ દેખાડવામાં આવી છે.[18] ત્યાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે જો આ સૂત્રમાં 'અક્ષર' તરીકે કેવલાક્ષર લઈએ તો, सव्वजीवाणं માં કેવલી ભગવંતોનું ગ્રહણ ન કરવું. કેમ કે એમને તો અક્ષરનો અનંતમો ભાગ નહીં, પણ સંપૂર્ણ અક્ષર જ ઉઘાડો હોય છે. તેથી સર્વ જીવોને અક્ષરનો અનંતમો ભાગ ઉઘાડો હોય છે તે કથન એમની અપેક્ષાએ વાજબી નથી. કેવલી ભગવંતો સિવાયના જીવોને આ અક્ષરનો અનંતમો ભાગ ત્રણ પ્રકારનો હોઈ શકે છે – ૧. જઘન્ય – પૃથ્વીકાયાદિ અત્યંત અલ્પ ચેતનાનો ઉઘાડ ધરાવતા જીવોને. ૨. ઉત્કૃષ્ટ – સર્વાક્ષરસંનિપાતી ચૌદ પૂર્વધર શ્રુતકેવલી ભગવંતોને. ૩. મધ્યમ – મધ્યમ કક્ષાના જીવોને. અને જો આ સૂત્રમાં 'અક્ષર' તરીકે શ્રુતાક્ષર લઈએ તો, सव्वजीवाणं માં કેવલી ભગવંતોની જેમ સર્વાક્ષરસંનિપાતી ચૌદ પૂર્વધર શ્રુતકેવલી ભગવંતોનું પણ ગ્રહણ ન કરવું. કેમ કે એમને તો શ્રુતાક્ષરનો અનંતમો ભાગ નહીં, પણ સંપૂર્ણ શ્રુતાક્ષર જ ઉઘાડો હોય છે. તેથી સર્વ જીવોને શ્રુતાક્ષરનો અનંતમો ભાગ ઉઘાડો હોય છે તે કથન એમની અપેક્ષાએ વાજબી નથી. આ વિવક્ષામાં ઉઘાડો રહેતો અનંતમો ભાગ બે પ્રકારનો જ હોઈ શકે છે – ૧. જઘન્ય – પૃથ્વીકાયાદિ અત્યંત અલ્પ ચેતનાનો ઉઘાડ ધરાવતા જીવોને. ૨. મધ્યમ – સર્વાક્ષરસંનિપાતી ચૌદ પૂર્વધર શ્રુતકેવલી ભગવંતો સિવાયના મધ્યમ કક્ષાના જીવોને. આમાં ઉત્કૃષ્ટ અનંતભાગ સંભવતો નથી, કેમ કે કેવલાક્ષરની અપેક્ષાએ સર્વાક્ષર-સંનિપાતી ચૌદ પૂર્વધર શ્રુતકેવલી ભગવંતોને ઉત્કૃષ્ટ અનંતભાગ સમજી શકાય છે. પરંતુ શ્રુતાક્ષરની અપેક્ષાએ ઉત્કૃષ્ટ અનંતભાગ સમજવાનું કોઈ ચોક્કસ પ્રમાણ નથી. એટલે જઘન્ય અનંતભાગ ધરાવતા પૃથ્વીકાય સિવાયના તમામ જીવોને મધ્યમ અનંતભાગ જ ગણવામાં આવે છે.[19]

આમાં સ્વાભાવિક રીતે પ્રશ્ન થાય કે એકેંદ્રિય જીવોને અક્ષરશ્રુત કઈ રીતે સંભવે ? કેમ કે અક્ષરશ્રુત મુખ્યત્વે ભાવશ્રુત સ્વરૂપ છે, અને ભાવશ્રુત તો શબ્દ અને અર્થના પર્યાલોચનને અનુસરનારું વિજ્ઞાન જ ગણાય છે. અને તેવું પર્યાલોચન તો

---

[17] "इह यद्यपि प्रागक्षरं सर्वाकाशप्रदेशेभ्योऽनन्तगुणं केवलमभिप्रेतम्, नित्यापावृतोऽप्यनन्तभागस्तस्यैव, तथाऽपि केवलज्ञानस्येव श्रुतज्ञानस्याऽप्यनन्तभागो नित्यापावृत इति तेनाऽन्ते योजना कृता ।।" – *બૃહત્કલ્પભાષ્ય* ની *મલયગિરીયા* વૃત્તિ – ગાથા-૭૫

[18] "तत्रापि श्रुताधिकारादक्षरमकाराद्येव गम्यते, न तु केवलाक्षरम् ।।" - *વિશે. ભાષ્ય* – ગાથા-૪૯૨ વૃત્તિ

"अविसेसियं पि सुत्ते अक्खरपज्जायमाणमाइट्ठं । सुय-केवलक्खराणं एवं दोण्हं पि न विरुद्धं ।।

तस्स उ अणंतभागो निच्चुग्घाडो य सव्वजीवाणं ।।" - *વિશે. ભાષ્ય* – ગાથા-૪૯૬-૪૯૭

[19] આ સમગ્ર સમાધાન માટે જુઓ *વિશે. ભાષ્ય* – ગાથા-૪૯૭-૫૦૦ વૃત્તિ

એકેંદ્રિયોને પરોપદેશનું શ્રવણ વગેરેથી અક્ષરની ઉપલબ્ધિ ન હોવાથી સંભવતું નથી. આનું સમાધાન આમ અપાયું છે – એકેંદ્રિયોને પણ તેવા પ્રકારના ક્ષયોપશમથી અવ્યક્ત અક્ષરશ્રુત સંભવે જ છે. કારણ કે તેમને પણ આહાર વગેરેની ઇચ્છા જન્મે જ છે. આ ઇચ્છા 'જો મને આ મળે તો સારું થાય' એવા આકારની – અક્ષરાત્મક બોધ સ્વરૂપ જ હોય છે. તેથી તેઓને પણ કાંઇક અક્ષરલબ્ધિ સમજી જ શકાય છે.[20] આ અક્ષરલબ્ધિ પૃથ્વીકાય-અપ્કાય-તેઉકાય-વાઉકાય-વનસ્પતિકાયના જીવોમાં ક્રમશઃ ચડતા ક્રમે હોય છે એમ નંદીસૂત્ર અને બૃહત્કલ્પસૂત્રની ચૂર્ણિમાં જણાવવામાં આવ્યું છે.[21]

નિષ્કર્ષ – <u>કેવલજ્ઞાન અને અક્ષરશ્રુત – બન્નેના પર્યાયો સર્વાકાશપ્રદેશોથી અનંતગુણ છે અને સર્વજીવોને તે બન્નેનો અનંતમો ભાગ હમેશાં ઉઘાડો જ રહેતો હોય છે. તેથી "અક્ષરનો અનંતમો રે ભાગ ઉઘાડો છે નિત્ય રે" માં 'અક્ષર' શબ્દથી તે બન્નેનું ગ્રહણ સમજી શકાય છે.</u> – ત્રૈ.મં.

* * *

# પત્ર-ચર્ચા

[**શ્રુતસંવિભાગ** માં કાયમ જણાવવામાં આવે છે તેમ આ પરિપત્રમાં ચર્ચાતી કોઇપણ બાબત વિચારણારૂપ જ સમજવાની હોય છે, નિર્ણયરૂપ નહીં, અને એટલે જ આ વિચારણાઓને પુનર્ચિંતન દ્વારા આગળ વધારવાનો અવકાશ રહે જ છે. આ પ્રક્રિયાના એક ભાગરૂપે આ વિભાગ શરુ કર્યો છે. આમાં **શ્રુતસંવિભાગ** માં થયેલી વિચારણાઓ ઉપર પત્રના માધ્યમથી મિત્ર મુનિવરો દ્વારા થતી પુનર્વિચારણાઓ પ્રગટ કરવામાં આવશે. આ વૈચારિક પ્રક્રિયાને ખંડન-મંડન સ્વરૂપ ન સમજતાં, **वादे वादे जायते तत्त्वबोधः** એ આભાણકને અનુસરીને પ્રવર્તતા મનોમંથન રૂપ સમજવા, અને કોઇ પણ વિચારણાને ખુલ્લા મનથી આવકારવા સૌને અનુરોધ છે. આવી પુનર્વિચારણાઓનો પણ જવાબ વાળી જ શકાય છે. પણ આ પ્રક્રિયામાં વિજિગીષાને મુખ્ય ન બનાવતાં, તત્ત્વબુભુત્સાને જ મુખ્ય ઉદ્દેશ તરીકે કેળવવા સૌને નમ્ર વિનંતિ છે. અન્યથા વિચારણાને પ્રગટ ન કરવાની ફરજ પડી શકે છે.

આ વિભાગમાં આ વખતે પરિપત્રના સંકલનકારની વિચારણાઓ પર થયેલી બે પુનર્વિચારણાઓ તેમ જ એક જિજ્ઞાસાના સમાધાન પર થયેલું ચિંતન રજૂ કર્યું છે. – **સં.** ]

(પત્ર - ૧) **શ્રુતસંવિભાગ** માં તમે લખેલ ટિપ્પણ, મારા જવાબ ઉપરનું જોયું. એ વિષે મારું લખાણ તમને પ્રેષિત કરું છું. જે ફરીવાર છાપશો. જેથી વાચકવર્ગને સ્પષ્ટતા થાય.

અહીં જિજ્ઞાસામાં વિવક્ષા એવાં કર્મોની છે કે જે કર્મો છેલ્લીવાર ઉદયમાં આવ્યા બાદ હવે પછી બંધ કે ઉદયમાં નથી આવવાના. તો આવા વિચ્છિન્નસત્તાક, અપુનર્ભાવી, છેલ્લીવાર બધ્યમાન નિરનુબંધી કર્મો કયા ગુણસ્થાનકે મળશે ? તો આના જવાબમાં તેરમું ગુણસ્થાનક જ આવશે. ભલે પછી ૧૩મા ગુણસ્થાનકે અસંખ્યાત બંધ-ઉદય થતા હોય. આવો વિવક્ષિત ચરમ બંધ ત્યાં જ મળી શકે, અન્યત્ર નહીં.

વિ. સંપાદકે કરેલ ટિપ્પણમાં વિવેચન બંધવિષયક અને એના હેતુઓ વિષેનું કર્યું છે. જે પ્રસ્તુત ચર્ચામાં અપ્રસ્તુત છે. કારણ કે પ્રસ્તુત ચર્ચા બંધની નથી. કિંતુ, નિરનુબંધ કર્મ અને તેના હેતુભૂત ભાવોની છે. "વાસ્તવમાં..." એમ જે સંપાદકની કલમે લખાયું છે એ અસંગત બને છે. કારણ કે બન્નેના પ્રયોજક ભાવો ભિન્ન ભિન્ન હોવાથી, એક જ ભાવોના સદ્ભાવને બંધમાં અને એ જ ભાવોના અભાવને નિરનુબંધ બંધમાં કારણ ન ગણાય.

---

[20] "यद्यपि तेषामेकेन्द्रियानां परोपदेशश्रवणासम्भवस्तथापि तेषां तथाविधक्षयोपशमभावतः कश्चिदव्यक्तोऽक्षरलाभो भवति यद्वशादक्षरानुषक्तं श्रुतज्ञानमुपजायते । इत्थं चैतदङ्गीकर्तव्यम् – तेषामप्याहाराद्यभिलाष उपजायते, अभिलाषश्च प्रार्थना, सा च 'यदीदमहं प्राप्नोमि ततो भव्यं भवति' इत्याद्यक्षरानुविद्धैव । ततस्तेषामपि काचिदव्यक्ताऽक्षरलब्धिरवश्यं प्रतिपत्तव्या । ततस्तेषामपि लब्ध्यक्षरं सम्भवतीति न कश्चिद् दोषः ।।" - *નંદીસૂત્ર* – ૬૫ ની *મલયગિરીયા* વૃત્તિ

[21] "तं च सव्वथोवं पुढविकाइयाणं । कस्मात्? निश्चेष्टत्वात् । ततः क्रमाद् यावद् वनस्पतिकायिकानां विसुद्धतरं ।।" - *બૃહત્કલ્પભાષ્ય* ની ચૂર્ણિ – ગાથા-૭૬

વળી, આમ પ્રતિપાદન કરવાથી તો, મિથ્યાત્વાદિ પાંચ હેતુઓ અને તેના ઉત્તરભેદોમાં કોઈને કોઈની ઉપસ્થિતિ છેક ૧૩મા ગુણસ્થાન સુધી હોવાથી, કોઈપણ કર્મોનો નિરનુબંધ બંધ જ નહીં મળે. આપત્તિ આવશે.

જેમ કર્મોનો ઉદય દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવ સાપેક્ષ છે એમ જણાવ્યું છે તેમ આ દ્રવ્યાદિ પાંચે કર્મના ઉદયાદિને પણ સાપેક્ષ છે માટે આ વાતમાં કંઈ એકમત નથી. *જીવાભિગમ*-આદિ ગ્રંથોમાં દ્રવ્યાદિને કર્મોના ઉદય, ક્ષય, ક્ષયોપશમ અને ઉપશમ સાપેક્ષ પણ કહ્યા છે...

"उदयखयखयओवसमा जं च कम्मुणो भणिया । दव्वं खित्तं कालं भावं भवं च संपप्प ।।"

આમ મારા પૂર્વમાં આપેલા સમાધાનમૂલક આ વિસ્તારને મારી સમજણપૂર્વક મેં રજૂ કર્યો છે. **શ્રુતસંવિભાગ** માં એને સ્થાન આપશો.

બુદ્ધવિષયક મેં મોકલેલ ચરિત્રસંદર્ભ પણ મળ્યો જ હશે. સૌની જાણ માટે એ પણ છપાય.

**– મુનિ શ્રીસંસ્કારયશવિજયજી** (શ્રીલબ્ધિસૂરિજી-સમુદાય)

(પત્ર - ૨) આ વખતના **શ્રુતસંવિભાગ** માં उपमितिभवप्रपञ्चाकथा નામકરણ અંગેની ફરીવારની ચર્ચા *શ્રીસિદ્ધર્ષિ* પુસ્તકના માધ્યમે વાંચી. એમાં उपमित શબ્દ લઈએ તો સમાસ વધારે સારી રીતે છૂટી શકે છે એમ જે જણાવ્યું છે એ વિષેનું મારું મંતવ્ય અહીં રજૂ કરું છું.

उपमित અને उपमिति એમ બન્ને શબ્દો જૈન ગ્રંથોમાં પ્રયુક્ત થયેલા જોવા મળે છે. પરંતુ, સમાસસૌકર્ય અંગે વિચારીએ તો उपमितभवप्रपञ्चाकथा આવો પ્રયોગ કરતાં એનો સમાસવિગ્રહ આ રીતે કરવાનો થાય – १. उपमितश्चाऽसौ भवश्चेति उपमितभवः २. तस्य यः प्रपञ्च इति उपमितभवप्रपञ्चः ३. तस्य या कथा इति उपमितिभवप्रपञ्चाकथा આ રીતે અહીં અર્થપ્રતિપત્તિ માટે ત્રિવિધ વિગ્રહ અને સમાસનું આલંબન લેવું પડે. અને જો उपमित પદનો પણ વિગ્રહ કરીએ તો અવ્યયીભાવ ચોથો સમાસ ઉમેરાતાં ચતુર્વિધ સમાસગૌરવ થશે. અલગ-અલગ વિગ્રહ અને અલગ સમાસનું ગૌરવ.

જ્યારે, उपमितिभवप्रपञ्चाकथा માં મેં પૂર્વે જણાવ્યા મુજબ એક જ વિગ્રહ અને એકમાત્ર વ્યધિકરણ બહુવ્રીહિ સમાસ જ થાય. આમ ચતુર્વિધ સમાસની અપેક્ષાએ એક જ સમાસનું લાઘવ અહીં મળે છે. "માટે સમાસ સારી રીતે છૂટી શકે" એ વાત આ સંદર્ભમાં નથી બેસતી.

હવે उपमित અને उपमिति એ બન્ને શબ્દોની સમન્વયદૃષ્ટિથી વિચારણા કરીએ તો, उप ઉપસર્ગપૂર્વક मा ધાતુથી ભાવ અર્થમાં નિષ્ઠા પ્રત્યય क्त અને क्तिन् બન્ને થાય છે. માટે આ રીતે उपमितमिति उपमितिः અને उपमितिरिति उपमितं એમ બન્નેનું સમાનાર્થવાચકત્વ જ છે, જેથી બન્ને પદનો એક જ અર્થમાં પ્રયોગ થઈ શકે છે. દા.ત. साध्याभाववद्वृत्तं અથવા साध्याभाववद्वृत्ति બન્નેમાં ભાવવાચક પ્રત્યયનું સમાનપણું હોવાથી *મથુરાનાથે વ્યાપ્તિપંચક* પ્રથમલક્ષણ-નિરૂપણમાં वृत्तमिति वृत्तिः એવો વિગ્રહ કરી સમાનાર્થકતા દર્શાવી છે. એ જ રીતે उपमित અને उपमिति પણ સમજી લેવાય. માટે બન્ને પ્રયોગો સમાનાર્થક છે અને સાધુ છે.

**– મુનિ શ્રીસંસ્કારયશવિજયજી** (શ્રીલબ્ધિસૂરિજી-સમુદાય)

(પત્ર - 3) **શ્રુતસંવિભાગ - ૨** માં જિજ્ઞાસા-સમાધાન વિભાગમાં 'ગજલંછન ચંદ્ર વિખ્યાતા રે' પદના બે અર્થ જણાવવામાં આવ્યા છે. શું તેનો નીચે મુજબ ત્રીજો અર્થ વિચારી શકાય ?

'ચંદ્ર' શબ્દનો 'ચંદ્રાયણ યક્ષ' અને 'લક્ષણ' શબ્દનો 'વિશિષ્ટતાદ્યોતક ચિહ્ન- વાહન' એવો અર્થ લેવામાં આવે તો પંક્તિનો અર્થ 'ગજવાહનવાળા ચંદ્રયણ યક્ષ સંઘની રક્ષા કરનાર થાઓ' એવો થાય.

**- મુનિ શ્રીસુયશચંદ્રવિજયજી ગણિ** (શ્રીનેમિસૂરિજી-સમુદાય)

* * *

# જિજ્ઞાસા

**જિજ્ઞાસા** - *શ્રીકલ્પસૂત્ર* માં સૂત્ર – ૨૭-૨૮ માં "तए णं से हरिणेगमेसी पायत्ताणिआहिवई देवे ... संखिज्जाइं जोयणाइं दंडं निसिरइ... अहासुहुमे पुग्गले परिआएइ । परिआइत्ता दुच्चं पि वेउव्विअसमुग्घाएणं समोहणइ ।।..."

આ પાઠમાં હરિણૈગમેષી દેવ ઇંદ્રની આજ્ઞાથી ગર્ભપરાવર્તન કરવા માટે જાય છે ત્યારે બે વખત વૈક્રિયસમુદ્ઘાત કરે છે તેમ જણાવ્યું છે. તો શું પહેલી વખતમાં વૈક્રિય શરીર વિકુર્વી શકાતું નથી ? કે પછી અહીં વિશેષ પ્રક્રિયા કરવાની હોવાથી બે વાર સમુદ્ઘાત કરે છે ? **- મુનિ શ્રીસુયશચંદ્રવિજયજી ગણિ** (શ્રીનેમિસૂરિજી-સમુદાય)

**જિજ્ઞાસા -** આપણે જેમ મનુષ્યલોકમાં આપણા દેવ-ગુરુ-ધર્મની ઉપાસના કરીએ છીએ તેમ અન્યધર્મવાળા પણ તેમના દેવ-ગુરુ-ધર્મની ઉપાસના કરે છે. એવી જ રીતે તિર્યંચગતિમાં પણ યથાસંભવ થાય છે. હવે દેવલોકમાં જે સમ્યક્ત્વી દેવ-દેવી હોય તેઓ ત્યાં રહેલ શાશ્વત જિનબિંબોની પૂજા-અર્ચનાદિ કૃત્ય કરે. પણ અન્યધર્મી જે દેવ-દેવી હોય તેઓ કોની પૂજા કરે ? ત્યાં તેમના ઈષ્ટદેવાદિની શાશ્વત પ્રતિમા વગેરે હોય ? એ લોકોનો કોઇ ચોક્કસ ધર્મ હોય ? તથા નરકમાં રહેલા જીવને દેવ-ગુરુ-ધર્મની ઉપાસના  કઇ રીતે સંભવે ? **– મુનિ શ્રીયશઃપ્રભવિજયજી** (શ્રીનીતિસૂરિજી-સમુદાય)

**જિજ્ઞાસા -** શ્રીશત્રુંજય મહાતીર્થના ૧૦૮ શિખરો (-ટૂંક) છે. તેમાંથી ૨૧ વધુ પ્રસિદ્ધ છે. એ ૨૧ શિખરોમાં રૈવતગિરિ પાંચમું શિખર છે.  આ ૨૧ ટૂંકનાં નામ કાવ્યરચનાઓમાં ગૂંથવામાં પણ આવ્યાં છે. જેમ કે –

"સિદ્ધાચલ શિખરે ચઢી, ધ્યાન ધરો જગદીશ; મન-વચ-કાય એકાગ્રશું, નામ જપો એકવીશ.

શત્રુંજયગિરિ વંદીએ, બાહુબલી ગુણધામ; મરૂદેવ પુંડરીકગિરિ, રૈવતગિરિ વિશ્રામ." (શ્રી*શુભવીર*-કૃત ચૈત્યવંદન)

બીજી તરફ "નેમિ વિના ત્રેવીશ પ્રભુ, આવ્યા સિદ્ધક્ષેત્ર જાણી" જેવાં અનેક સ્થળે શ્રીનેમનાથ સિવાયના ત્રેવીસ તીર્થંકર ભગવંતો સિદ્ધાચલ પર સમોસર્યા એવું વર્ણન જોવા મળે છે. હવે શ્રીનેમનાથ પ્રભુના ત્રણ કલ્યાણક રૈવતકગિરિ પર થયા એ તો પ્રસિદ્ધ જ છે. તો જો ગિરનાર પર્વત શત્રુંજયની જ ટૂંક ગણાતો હોય તો શ્રીનેમનાથ પ્રભુ શત્રુંજય પર નથી આવ્યા એવું કઇ રીતે કહી શકાય ? **– મુનિ શ્રીમલયગિરિવિજયજી** (શ્રીનેમિસૂરિજી-સમુદાય)

[આ જિજ્ઞાસાઓનું યોગ્ય સમાધાન શોધી જણાવવા મિત્રવર્યોને વિજ્ઞપ્તિ. **– સં.**]

* * *

# એક નવતર પ્રયોગ : કથાની કથા

કથાનુયોગ આપણે ત્યાં લગભગ વાંચન કે મનોરંજનનો જ વિષય ગણાતો આવ્યો છે. એને પ્રાયઃ અભ્યાસ કે સંશોધનના વિષય તરીકે જોવામાં જ નથી આવતો. આને પરિણામે કથાનુયોગના ક્ષેત્રમાં રહેલી સંશોધનને સંબંધિત ઘણી ઘણી ઊજળી શક્યતાઓ આપણા ધ્યાનબહાર જ રહે છે. આ દિશામાં ધ્યાન ખેંચવા માટે આ એક નવતર પ્રયોગ કરવાનું વિચાર્યું છે.

આપણે ત્યાં જે કથાસાહિત્ય ઉપલબ્ધ છે તે અતિપ્રાચીન, પ્રાચીન, મધ્યકાલીન અને આધુનિક એવા વિવિધ સ્તરોમાં વહેંચાયેલું છે. એ દરેક સ્તરની કથાઓ પર તે તે સમયની લોકરુચિ, સામાજિક મૂલ્યો, સમાંતર કથાપ્રવાહો, જૈન ધર્મશાસનની બદલાતી રહેતી અવધારણાઓ વગેરે તત્ત્વોનો વ્યાપક પ્રભાવ પડ્યો છે. આ પ્રભાવને લીધે ઘણી ઘણી કથાઓમાં ઘટનાક્રમ, પાત્રનિરૂપણ જેવી બાબતોમાં મોટા ફેરફારો થયા છે. કથાનકને વધુ રોચક બનાવવા ક્યાંક સંક્ષેપ, તો ક્યાંક વિસ્તરણ પણ થયું છે. સંશોધન દ્વારા આ બધું સમજી શકાય – રજૂ કરી શકાય તેમ છે.

પણ આપણે આવા વ્યાપક અધ્યયનની વાત હમણાં રહેવા દઇએ. શરૂઆતમાં તો ઘણાબધા ગ્રંથોમાં મળતું કોઇ એક સમાન કથાનક લઇ અલગ-અલગ ગ્રંથોમાં એ કથાનક કેટલું પરિવર્તન ધરાવે છે તેની ફક્ત નોંધ કરી શકાય. ક્યાં કઇ વાત નથી રજૂ થઇ અથવા ક્યાં કઇ વાત ઉમેરાઇ છે તેની પણ વ્યવસ્થિત રજૂઆત કરી શકાય. આવી નોંધ સંશોધનના ક્ષેત્રમાં આપણા દ્વારા થયેલું એક ઉપયોગી પ્રદાન બની રહે. મિત્ર મુનિવરોને **શ્રુતસંવિભાગ** ના માધ્યમથી કથાની કથા કરવાના આ રસપ્રદ કાર્યમાં સક્રિય રસ લેવા ભારપૂર્વક આમંત્રણ છે. કયું કથાનક પસંદ કર્યું છે તે જો જણાવાય તો કાર્યને બેવડાતું અટકાવી શકાય.

---

* **શ્રુતસંવિભાગ** માં પ્રગટ થતી સામગ્રી વિચારણાત્મક સમજવી, નિર્ણયરૂપ નહીં. ચિંતન દ્વારા આ વિચારણાને આગળ વધારવા વિનંતિ.

* સંકલન : મુનિ ત્રૈલોક્યમંડનવિજય (શ્રીનેમિસૂરિજી-સમુદાય) સંપર્ક : c\o અતુલ એચ. કાપડિયા, A\9 જાગૃતિ ફ્લેટ્સ, મહાવીર ટાવર પાછળ, પાલડી, અમદાવાદ 380 007 મો. 99798 52135